# Official Spokesperson's response to a media query on the recent developments in the India-China Border Areas

September 01, 2020

## ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં તાજેતરની ઘટનાઓ પર મીડિયાનાં સવાલ પર અધિકૃત પ્રવક્તાનો પ્રતિભાવ

સપ્ટેમ્બર 01, 2020

**ભારત-ચીન સીમા ક્ષેત્રોમાં તાજેતરની ઘટનાઓ પર મીડિયાનાં સવાલનાં પ્રતિભાવમાં, વિદેશ મંત્રાલયનાં પ્રવક્તા, શ્રી અનુરાગ શ્રીવાસ્તવે કહ્યું હતું કે**

તમારી જાણકારી અનુસાર, ભારત-ચીન સીમા પરની પરિસ્થિતિનું નિરાકરણ લાવવા પાછલા ત્રણ મહિનાથી વધારે સમયથી રાજદ્વારી અને સૈન્ય માર્ગોએ ભારત અને ચીન નજીકથી જોડાયેલા છે. તે પણ યાદ કરવું રહ્યું કે અગાઉ બન્ને વિદેશ મંત્રીઓ અને બે વિશેષ પ્રતિનિધિઓ સંમત થયા હતા કે પરિસ્થિતિ જવાબદારીપૂર્ણ રીતે હાથ ધરવી જોઈએ અને બન્નેમાંથી કોઈપણ પક્ષે કોઈપણ ઉશ્કેરણીજનક કાર્યવાહી ન કરવી જોઈએ કે આ બાબતને વેગ ન આપવો જોઈએ અને દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલ અનુસાર શાંતિ અને સુલેહ સુનિશ્ચિત કરવા જોઈએ.

જોકે, ચીન પક્ષે આ સમજૂતિનું ઉલ્લંઘન કર્યું હતું અને પોન્ગોંગ તળાવનાં દક્ષિણ કાંઠા ક્ષેત્રમાં રાજકીય સ્થિતિ બદલાવવાનાં પ્રયાસમાં 29મી અને 30મી ઓગસ્ટની મોડી રાત્રે ઉશ્કેરણીજનક સૈન્ય હલનચલનોમાં જોડાયો હતો. ભારતીય સૈન્ય દ્વારા ગઈ કાલે જણાવવામાં આવતા, ભારતીય પક્ષે આ ઉશ્કેરણીજનક કાર્યવાહીઓનો પ્રતિભાવ આપ્યો હતો અને આપણા હિતોનું અને ક્ષેત્રિય અખંડિતતાનું રક્ષણ કરવા માટેયોગ્ય રક્ષણાત્મક પગલા લીધા હતા. વધુમાં, ગઈ કાલે 31મી ઓગસ્ટનાં રોજ, બન્ને પક્ષોનાં જમીન પરનાં કમાન્ડરો પરિસ્થિતિનો તણાવ દૂર કરવા માટે ચર્ચા કરી રહ્યા હતા ત્યારે પણ, ચીનનાં સૈનિકો ફરીથી ઉશ્કેરણીજનક કાર્યવાહીમાં જોડાયા હતા. સમયસર કરવામાં આવેલી રક્ષણાત્મક કાર્યવાહીનાં કારણે, ભારતીય પક્ષ એકપક્ષિય રીતે રાજકીય સ્થિતિ બદલવાનાં આ પ્રયાસોને અટકાવવા સક્ષમ બન્યો હતો.

આ વર્ષનાં પ્રારંભથી જ વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) પર ચીનનાં પક્ષનાં કાર્યો અને વર્તણૂક બન્ને દેશો વચ્ચે સીમા પર શાંતિ અને સુલેહ સુનિશ્ચિત કરવા માટે કરવામાં આવેલી દ્વિપક્ષીય સમજૂતિઓ અને પ્રોટોકોલનાં સ્પષ્ટ ઉલ્લંઘનમાં રહ્યા છે. આવા કૃત્યો બન્ને વિદેશ મંત્રીઓ અને વિશેષ પ્રતિનિધિઓ વચ્ચે થયેલી સમજૂતિઓનો પણ સંપૂર્ણ રીતે અનાદર કરે છે.

અમે રાજદ્વારી અને સૈન્ય માર્ગોથી ચીનનાં પક્ષ સાથે તાજેતરમાં થયેલા ઉશ્કેરણીજનક અને આક્રમક કૃત્યોની બાબત ઉઠાવી છે અને તેઓને અનુશાસન જાળવવા અને આવા ઉશ્કેરણીજનક પગલાઓ લેવાથી તેઓનાં અગ્રરેખાનાં સૈનિકો પર નિયંત્રણ રાખવા માટે તેઓને વિનંતી કરી છે.

ભારતીય પક્ષ શાંતિપૂર્ણ સંવાદ મારફત એલએસીમાં પશ્ચિમ સેક્ટરમાં પડતર તમામ મુદ્દાઓનું નિરાકરણ લાવવા

કટિબદ્ધ છે. આ સંદર્ભમાં, અમે આ પરિસ્થિતિનું નિરાકરણ લાવવા અને સીમા ક્ષેત્રોમાં શાંતિ અને સુલેહ પુનઃસ્થાપિત કરવા માટે અગાઉ થયેલી સમજૂતિનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા અને ભારત સાથે આતુરતાપૂર્વક કાર્ય કરવાની ચીનનાં પક્ષ પાસેથી અપેક્ષા રાખીએ છીએ.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 01, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.